(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર– કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામું આખરી રહેશે. ચોકકસ સમજણ–અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપવામાં આવે છે.)

**ફી જાહેરનામું**
**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**નવા સચિવાલય, ગાંધીનગર**
**નં. જીએમપી/ટોલ–નોટીફીકેશન/ બી.એન રોડ/૨૦૨૦**
**તા. ૦૪/૦૮/૨૦૨૦**

**આદેશ :**

1. ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમીટેડ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે) ધ્વારા હિંમતનગર બાયપાસ, હીંમતનગર–ઈડર– ખેડબ્રહમા'અંબાજી રોડ(એસ.એચ.૯) કી.મી. ૦/૦ થી ૮/૭, બી.ઓ.ટી ધોરણેવિકસીત કરવા કન્સેશનર મે. એમ.એસ.કે. પ્રોજેકટ (હિંમતનગર બાયપાસ)પ્રા. લિ. મારફતે નિર્માણ, સંચાલન અને તબદીલીના ધોરણે વિકસીત કરવામાં આવ્યો છે અને પરિયોજના હવે જી.એસ.આર.ડી.સી. માં નિહીત છે.
2. હવે ગુજરાત સરકાર મંજૂર કરી, જાહેર કરી, આદેશ કરે છે કે જી.એસ.આર.ડી.સી. અથવા તેમના ધ્વારા અધિકૃત કરાયેલ એજન્ટ/ કર્મચારીઓ અહીં નીચે આપેલ ચાર્જની યાદીના ખાના નંબર– ૨ માં જણાવેલ વાહનોની અને આવા વાહનોથી ખેંચાતા ટ્રેલર પાસેથી ખાના ૩ માં દર્શાવ્યા પ્રમાણેનો ચાર્જ નકકી કરી વસૂલ કરશે, એકત્રિત કરશે પોતાની પાસે રાખી તેનો વિનિયોગ કરશે.

**વપરાશ ફીની યાદી**

| ક્રમ | વાહનની કેટેગરી | પ્રવર્તમાન ટોલનો દર (રૂા) | હવે લાગુ પડનાર ટોલનો દર (રૂા) |
|---|---|---|---|
| 1 | 2 | 3 | |
| 1. | એલ.સી.વી/ મીની બસ | **15** | **10** |
| 2. | બસ /ટ્રક (૨ એકસલ) | **25** | **20** |
| 3. | કોમર્શીયલ વેહિકલ (૩ એકસલ) | **35** | **20** |
| 4. | એમ.એ. વી. | **40** | **30** |

આ ફી, પરિયોજના ધોરીમાર્ગના માર્ગ (કન્સેશન કરારમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ) નો ઉપયોગ કરતાં અને ટોલ પ્લાઝામાં પ્રવેશતાં અને પરિયોજના ધોરીમાર્ગ ઉપર પસાર થતાં વાહનો ઉપર, **તા. ૦૯/૦૮/૨૦૨૦ ના રોજ સવારે ૦૬.૦૦ કલાકની** અસરથી લેવામાં આવશે.

3. નીચેના પ્રકારનાં વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને "કન્સેશનરે" તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

વીઆઈપી -VIP-નું ચિહન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતના નામદાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજયોના રાજયપાલો, સંઘ પ્રદેશોના રાજયપાલો, મુખ્ય મંત્રીઓ, કેન્દ્ર અને રાજયના મંત્રીઓ, કેન્દ્ર અને રાજય વિભાનસભાના ક્ષેત્રાધિકાર ધરાવતા અધ્યક્ષપદ સંભાળતા પદાધિકારીઓ અને લોકસભાના અને રાજયસભાના અને રાજય બંધારણીય સંસ્થાઓના ક્ષેત્રાધિકાર ધરાવતાં વિરોધપક્ષના નેતાશ્રી, ભારતની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતના ક્ષેત્રાધિકાર ધરાવતા જજ, ભારતની મુલાકાતે

પધારતા વિદેશી મહાનુભાવો, મોટરકારોમાં સીડી-CD- પ્રતીક ધરાવતા ભારત ખાતે નિયુકત થયેલાં વિદેશી મિશનોના વડાઓ, સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજય સરકારના વાહનો, જીએસઆરડીસીના અધિકારીઓ, સ્થળના સંબંધમાં તેમની વૈધાનિક ફરજો બજાવતા પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવો જરૂરી હોય તેવી વ્યકિતઓ, સ્વતંત્ર પરામર્શક, ગણવેશધારી સશસ્ત્ર દળો, અર્ધ લશ્કરી દળો અને સુરક્ષા દળનાં વાહનો સહિત કેન્દ્ર અને રાજયના દળો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર,વીર ચક્ર અને શૌર્ય ચક્ર જેવા વીરતા પુરસ્કારોના વિજેતાઓને સક્ષમ સત્તાતંત્રે તેમના પુરસ્કારને અધિકૃત કરતું ઓળખપત્ર દર્શાવતાં, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, અગ્નિશામક દળનાં વાહનો, એમ્બ્યુલન્સ અને કટોકટી સમયમાં બચાવ કામગીરીમાં વપરાતાં વાહનો.

4. નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચૂકવ્યા વિના પરિયોજના માર્ગનો ઉપયોગ કરવા માટે ઉપયોગ કર્તાને નિયંત્રિત કરવાનો અથવા પ્રબંધિત કરવાનો જી.એસ.આર.ડી.સી.ને અધિકાર છે.

5. જયારે કોઈક વાહન પરિયોજના ધોરીમાર્ગ એક કરતાં વધુ વખત વાપરવાનું હોય ત્યારે વપરાશકર્તા પોતાની પસંદગીથી એક વખતની ચૂકવવાપાત્ર ફીના ૧.૫ ગણા જેટલી રકમની ચુકવણીથી તેમ કરવા માટે હકકદાર રહેશે.

   વપરાશકર્તા, એક વખતની ચૂકવવાપાત્ર ફીના ૩૦ ગણા જેટલી રકમની ચુકવણીથી માસિક પાસ મેળવવા હકકદાર રહેશે અને તે માસિક પાસના સમયગાળા દરમ્યાન પરિયોજના રસ્તાનો અવિરત ઉપયોગ કરવા હકકદાર રહેશે.

6. કરારમાં વર્ણવેલ સ્થાનિક વાણિજિયક વાહનો અને સ્થાનિક ખાનગી વાહનો એ લાગુ પડતી ફી ના ૫૦% જેટલી ફી ચુકવવાની થશે.

7. જી.એસ.આર.ડી.સી. ધ્વારા નિયુકત કરવામાં આવેલ એજન્સી (ટોલીંગ કોન્ટ્રાકટર) કે તેના કર્મચારીઓ તેના પ્રતિનિધી કે તેમના અધિકૃત કર્મચારીઓ ફી વસુલ કરવા અને તેની રસીદ આપવા અધિકૃત લેખાશે.

***ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માર્ગ અને મકાન વિભાગના પત્ર નં. મુ.મ.સ./૧૦/૨૦૧૬/ ટો. મુ./કેબીનેટ/૧૦/ ખા.ક./ તા. ૧૨/૮/૨૦૧૬માં જણાવ્યા મુજબ કાર/જીપ/વાન દ્વિચક્રીય/ત્રિચક્રીય અને ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમની બસોને તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૬થી ટોલ ભરવામાંથી મુકિત આપવાનો સરકારશ્રી ધ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેથી ઉકત જણાવ્યા પૈકીની કેટેગરીના વાહનો પાસેથી ટોલ /યુઝર ફી લેવાની રહેશે નહી.***

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**સહી/–**
**(એ. એન. મિસ્ત્રી)**
**ખાસ ફરજ પરના અધિકારી,**
**માર્ગ અને મકાન વિભાગ,**
**ગુજરાત સરકાર.**